બરકત બરાબર રાખવી
હોય તો આપણે આપણું જતું
કરીને પણ કોઇનું જોડીએ
- મોરારિ બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૧ | ૨ સપ્ટેમ્બર, ૨૦૧૪, મંગળવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં તોફાની વરસાદ : એકસો વૃક્ષો ધરાશયી







ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં સતત ત્રીજી રાત્રે મેઘરાજાએ બધડાટી બોલાવી હતી. રવિવારે રાત્રિના અસહ્ય ઉકળાટના અંતે અચાનક સૂસવાટા મારતા પવન સાથે તોફાની વરસાદ તુટી પડ્યો હતો. આકાશમાં થતા વીજળીના ચમકારા અને ભારે પવન વચ્ચે મૂશળધાર વરસતા મેઘરાજાએ ચોમેર પાણી-પાણી કરી દીધું હતું. માત્ર અડધો કલાકમાં જ દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદની સાથે પવનનું જોર હોવાથી શહેરના ઠેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જળબંબાકારની સ્થિતિ વચ્ચે માર્ગો પર વૃક્ષો આડાશ બનતા વરસાદી વાયરાથી જનજીવન પ્રભાવિત થયું હતુ. તોફાની વરસાદના લીધે ગણેશોત્સવની ઉજવણીના કાર્યક્રમો



પણ ખોરવાઈ ગયા હતા. શહેરમાં અત્યાર સુધી સીઝનનો ૨૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આજે પણ મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.

શહેરમાં આકરા બફારા વચ્ચે સતત ત્રણ દિવસથી મેઘરાજાનો મિજાજ યથાવત છે. દિવસ દરમિયાન આકરા બફારાના અંતે રોજ મોડી સાંજે મેઘસવારી આવી પહોંચે છે. રવિવારે રાત્રિના અસહ્ય ઉકળાટ બાદ અચાનક પવનના સૂસવાટા સાથે વરસાદ ખાબક્યો હતો. મેઘરાજા આક્રમક મૂડમાં હોવાથી થોડીવારમાં જ શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયું હતું. તોફાની વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. શહેરમાં મુખ્યમાર્ગો ઉપરાંત સેક્ટરોના

● અનુસંધાન પાન-૭ પર





## ગગનભેદી વીજકડાકા, વાદળગર્જના અને સૂસવાટા મારતા પવન સાથે આજે પણ મોડી સાંજે વરસાદ ખાબક્યો : રવિવારે અડધો કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો : ૧૦૦ જેટલા વૃક્ષો ધરાશાયી







(તમામ તસવીર : કશ્યપ નિમાવત)

# હવે ગાંધીનગર સ્માર્ટ સીટી બનશે

## સ્માર્ટસીટી બનાવવાના પ્રોજેક્ટમાં ગાંધીનગરનો રાજ્યના અન્ય છ શહેરો સાથે કરાયેલો સમાવેશ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરનો સોલાર સીટી સાથે સાથે સ્માર્ટ સીટી બનાવવાના પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકારે સમાવેશ કર્યો હોવાના સંકેતો રાજ્ય સરકારને મળ્યા છે.

મળતા અહેવાલો પ્રમાણે સુરત, ગાંધીનગર, વડોદરા, ભાવનગર, દ્વારકા, રાજકોટ અને જામનગરને સ્માર્ટસીટી બનાવવાના પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે.

કેન્દ્રમાં ભાજપની સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે ૧૦૦ શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની ઘોષણા કરી હતી. જેમાં ગુજરાતના સાત શહેરો સમાવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરના જન્મદિને સોલાર સીટી બનાવવુ જોઈએ તેવી ઘોષણા રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. હવે તેઓ પ્રધાનમંત્રી બન્યા છે અને ગાંધીનગરને સ્માર્ટસીટી બનાવવાની દિશામાં તેઓ આગળ વધી રહ્યા છે.

મળતા અહેવાલો પ્રમાણે હવે સ્માર્ટસીટી અંગેના પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર પાસેથી વિધિવત્ દરખાસ્ત મેળવી અને તે માટેની જરૂરી નાણાંકીય સહાય કેન્દ્ર સરકાર આપશે.

રાજ્યના પાટનગર ગાંધીનગર નજીક બનાવાયેલ ગીફ્ટસીટીને તો સ્માર્ટ સીટી તરીકે વિકસાવવાનું આયોજન તેના પ્રારંભિક તબક્કે જ વિચારાયુ હતુ. હવે ગાંધીનગરનો પણ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે.

સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી અને ગ્રીનસીટી તરીકે ગાંધીનગરને ડેવલપ કરવાની સાથે સાથે સોલારસીટીની આગવી ઓળખ ઉભી થાય તે દિશામાં સરકારના શહેરી વિકાસ વિભાગે વિચારણા પણ હાથ ધરી છે અને તે માટેનું આયોજન કેવીરીતે કરવુ તેની વિસ્તૃત ચર્ચા માટે મહાનગરપાલિકાના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરના વિકાસને વેગ આપવા જર્નુમમાં સમાવેશ કરવાનું શક્ય ન બતાં હવે સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરી ગાંધીનગરના વિકાસને નવી દિશામાં વેગ આપવાનું આ મહત્વનું કદમ બની રહેશે.

## અંબાજી પદયાત્રીઓની વરસતા વરસાદમાં યાત્રાની આકરી કસોટી

ગાંધીનગર, તા.૧

ભાદરવી પૂનમે પવિત્ર યાત્રાધામ અને મા અંબાના સ્થાપને અંબાજી જવા હાલ રાજયના માર્ગો પદયાત્રીઓથી ભરચક બન્યા છે. સકળ સંઘ, ટ્રેકટર ટેમ્પા અને અન્ય સાધનો લઈ નીકળેલા પદયાત્રીઓની વરસતા વરસાદમાં આકરી કસોટી થઈ રહી છે છતાં પણ માં ના આર્શીવાદ અને મકકમ મનોબળ થકી પદયાત્રીઓ વરસતા વરસાદે પણ ચાલવાનું ચાલુ રાખી દર્શનનો પોતાનો ઈરાદો અડગ રાખ્યો હોવાનું હાલ દેખાઈ રહ્યું છે.

રાજયમાં છેલ્લા ૩ દિવસથી મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે દરમિયાન રાજયમાં અંબાજી જવાના માર્ગો ઉપર વિસામા ઉભા કરી સેવાનો મનોરથ જેમણે હાથ ધર્યો છે તે વિસામા પણ વરસાદ થકી પાણીમાં તરબોળ બન્યા છે જયારે પદયાત્રીઓની હાલત સૌથી કફોડી બની છે. છતાં પણ 'અંબાજી દુર છે પરંતુ જાવું જરુર છે' એવા મકકમ નિર્ધાર થકી વરસતા વરસાદમાં પણ પદયાત્રાઓ ચાલુ રખાઈ રહી છે.

ભીના કપડાં માર્ગો ઉપર પાણી, વિસામામાં પાણી વગેરે અડચણો વચ્ચે પણ માંના દર્શનની જે નેમ લીધી છે તે પૂર્ણ કરવા આ પદયાત્રીઓ ગમે તે સંજોગોને વિંધીને પણ અંબાજી પહોંચવાના મકકમ નિર્ધાર ઉપર છે. આવા સંજોગોમાં વિસામાના આયોજકો પણ સેવામાં કોઈ પાછી પાની કર્યા વગર પદયાત્રીઓને પૂર્ણ રીતે સહયોગ અને સહાય પરી પાડી રહ્યા છે. જેથી હાલ માર્ગો વરસતા વરસાદે માની ધજા હાથમાં લઈ 'જય અંબે'ના જય ઘોષ સાથે તેના આશીર્વાદ થકી યાત્રા પૂર્ણ કરવા માર્ગો ઉપર પદયાત્રીઓ પૂરા જોમ જુસ્સા સાથે જોવા મળી રહ્યા છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૯ તાલુકામાં વરસાદ

### માંગરોળમાં સૌથી વધુ ૨૨૦ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં ફરીને ચોમાસુ સક્રિય થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૩ જિલ્લાના ૨૧૯ તાલુકાઓમાં વરસાદ થવા પામ્યો છે. સૌથી વધુ વરસાદ સુરત જિલ્લાના માંગરોળમાં ૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કરતાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ૨૨૦ મી.મી., સુરત શહેરમાં ૪૮ મી.મી., ઉમરપાડમાં ૪૭ મી.મી., કામરેજમાં ૫૫ મી.મી., ભરૂચ જિલ્લાના હાંસોટમાં ૬૫ મી.મી., વાલીયામાં ૬૯ મી.મી., નેત્રગંમાં ૪૭ મી.મી., વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૯૧ મી.મી., વાપીમાં ૫૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ મેઘરાજાએ મહેર કરી હતી. સૌરાષ્ટ્રના જુનાગઢ જિલ્લાના જુનાગઢ શહેરમાં ૯૫ મી.મી. જુનાગઢમાં ૯૫ મી.મી., માણાવદરમાં ૬૭ મી.મી., માંગરોળમાં ૫૯ મી.મી., વંથલીમાં ૬૩ મી.મી., ગીર સોમનાથ જિલ્લામાં તલાલામાં ૪૨ મી.મી., વેરાવળમાં ૫૪ મી.મી., ગીર સોમનાથમાં ૪૨ મી.મી., અમરેલી જિલ્લાના ખાંભાળા ૬૮ મી.મી., વડીયામાં ૬૦ મી.મી., લીલીયામાં ૪૦ મી.મી., ભાવનગર જિલ્લાના વલ્લભીપુરમાં ૩૮ મી.મી., વઢવાણમાં ૬૮ મી.મી., દસાડામાં ૫૭ મી.મી., ધ્રાંગધ્રામાં ૫૫ મી.મી., જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.


ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


# નોટરીની ફીનાં દરોમાં સુધારો

ગાંધીનગર, તા. ૧

કેન્દ્ર સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય હસ્તક નોટરી સેલના જાહેરનામા મુજબ નોટરીઓએ નોટરીની કામગીરી માટે જાહેર જનતા પાસેથી લેવાની થતી 'ફી'ના દરોમાં સુધારો કર્યો છે.

નવા સુધારેલા દરોમાં લેખ નોંધવા માટે લેખની રકમ રૂ. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો રૂ. ૫૦/-, લેખની રકમ રૂ. ૧૦,૦૦૦/- કરતાં વધુ પણ રૂ. ૨૫,૦૦૦/- કરતાં વધુ ન હોય તો રૂ. ૧૦૦/-, લેખની કિંમત રૂ. ૨૫,૦૦૦/- કરતાં વધુ પણ રૂ. ૫૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો રૂ. ૧૫૦/- અને લેખની કિંમત રૂ. ૫૦,૦૦૦/- કરતાં વધુ હોય તો રૂ. ૨૦૦/- લેવાના રહેશે. લેખનો વિરોધ કરવા માટે લેખની રકમ રૂ. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો રૂ. ૫૦/-, લેખની રકમ રૂ. ૧૦,૦૦૦ કરતાં વધુ પણ રૂ. ૨૫,૦૦૦/- કરતા વધુ ન હોય તો રૂ. ૧૦૦/-, લેખની કિંમત રૂ. ૨૫,૦૦૦/- કરતાં વધુ પણ રૂ. ૧,૦૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો રૂ. ૧૫૦/- અને લેખની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- કરતાં વધુ હોય તો રૂ. ૨૦૦/- લેવાના રહેશે. સ્વીકારવાની ચૂકવણીની જાહેરાત નોંધવા માટે રૂ. ૧૦૦/-, વિરોધ અરજીની બીજી નકલ માટે અસલની અડધી રકમ લેવામાં આવશે.

વધુમાં કોઈપણ લેખની બજવણીની ખરાઈ કરવા, પ્રામાણિતકરણ - પ્રમાણિત કરવા અથવા શાખ કરવા માટે રૂ. ૩૫/-, સુદઢ જામીનગીરીના સ્વીકાર અથવા ચૂકવણી અથવા માંગણા માટે કોઈપણ પ્રોમીસરી નોટ, હુંડી અથવા

● અનુસંધાન પાન-૭ પર


